કોરોના નાથવા માટેના નિયમો માત્ર પ્રજા માટે..!!

સમયસર

'જબ તક દવાઈ નહીં તબ તક ઢીલાઈ નહીં' કોરોના વાયરસ વધતા સંક્રમણ સામે લાલબત્તી ધરતાં પ્રધાનમંત્રીના ઉપરોક્ત શબ્દો નિયમોના કડક અનુપાલનનો સંદેશ આપ્યો હતો. 'શેઠની શિખામણ ઝાંપા સુધી' એ ન્યાયે રાજકીય રેલીઓ માસ્ક અને સોસિયલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડાડી રહી છે. એ હૈદરાબાદની રેલી હોય કે લખનૌનો સમારંભ હોય, ભાજપ હોય કે કોંગ્રેસ હોય... તેમને કોઈ જ નિયમો અડતા નથી - નડતા નથી. નિયમો બધા પ્રજા માટે હોય છે. અંતિમ સંસ્કાર માટે ૫૦ અને લગ્ન માટે ૧૦૦ વ્યક્તિઓનો પ્રતિબંધ એ પ્રજા માટે છે. સરકારી કાર્યક્રમો માટે ઓછો હોય..?! સરકારી કાર્યક્રમોમાં કોરના વાયરસ ફેલાતો નથી..! માત્ર સામાજીક પ્રસંગોમાં જ કોરોનાનું સંક્રમણ વધે છે. આવી સમજવાળા સત્તાવાહકોને કોણ સમજાવી શકે..?!

આ એક દેશ છે કે જ્યાં એક સમયે અનાજની અછતના એંધાણ હતા જ્યારે તત્કાલીન પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રીએ સોમવારનું એક ટાણુ કરીને દેશને સંદેશ આપ્યો. આ એ જ ભૂમિ છે ગાંધીનગર અને સરદારની કે જ્યાં 'મારૂ જીવન એ જ મારો સંદેશ'ના શિલાલેખો આલેખાયેલા હોય... આ એજ દેશ છે જ્યાં 'યથા રાજા તથા પ્રજા'નું સંસ્કૃતિ ગાન થતું હોય... સાહેબ..! આપણે તો એવી માન્યતા સાથે જીવન જીવ્યા છીએ કે 'કુવામાં હોય તો હવાડામાં આવે...' આપણે તો કુવામાં જ નિયમોના અનુપાલનના ફાંફા હોય તો હવાડાની તો અપેક્ષા જ ક્યાં..?! સામાન્ય નાગરિકને ૧૦૦૦-૧૦૦૦ દંડ ફટકારતી પોલીસ રાજકીય આગેવાનોને સલામી ભરવામાંથી નવરી નથી પડતી..! પ્રજા પાસે શિસ્તનું અનુપાલન કરવાવવા માટે પ્રધાનોએ - આગેવાનોએ અને જાહેર જીવનના મોભીઓએ પોતે કડક અનુપાલન કરવું જોઈએ તો જ પ્રજા કરશે..! સુત્રો બોલવા, હોર્ડીંગો લગાવવા, ઉપદેશ આપવા સહેલા છે પરંતુ બોલાયેલા શબ્દોનું અનુસરણ કઠીન છે. જો પ્રામાણિક રીતે કોરોના સામે જંગ લડવો જ હોય તો સરકાર અને સમાજ સંયુક્ત લડત આપે તો જ લક્ષ્ય સુધી પહોંચી શકાય.

ગાંધીનગર અને ગુજરાતમાં કોરોનાના કેસ વધ્યાના અહેવાલ આવતા તંત્ર દોડતુ થયુ પણ માત્ર ચાર દિવસ..! પાછુ ઠેરનું ઠેર..! ફરીથી લાલિયાવાડી - આંકડાઓમાં ગરબડ અને 'જા બીલ્લી મોભા મોભ' જેવો ઘાટ છેલ્લા ત્રણેક દિવસથી દેખાઈ આવે છે. આંકડાઓની ભ્રમજાળ રચવામાં માહિર તંત્ર માધ્યમોના આટલા આટલા

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં દેવદિવાળીની ભાવપૂર્ણ ઉજવણી

શહેરીજનોએ દીપમાળા કરી ફટાકડા ફોડી દેવ દિવાળીની ઉજવણી કરી

શહેરના પંચદેવ મંદિરે યોજાયેલ દીપમાળાને નિહાળવા સાંજે શ્રદ્ધાળુઓ ઉમટ્યા



ગાંધીનગર, તા.૩૦

આજે કારતક પૂર્ણિમા નિમિત્તે દેવ દિવાળીની શહેરમાં ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. શહેરીજનોએ દેવદિવાળીના તહેવારને દિવસે દેવદર્શન કરીને અને સાંજે દીપમાળા કરીને તથા ફટાકડા ફોડીને ઉજવ્યો હતો. આજે શહેરના અનેક મંદિરો પર દીપમાળા કરવામાં આવી હતી જેમાં સેક્ટર-૨૨ના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે દર વર્ષની જેમ કરવામાં આવતી દીપમાળાને નિહાળવા અને દેવદર્શન કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિવાર સહિત ઉમટી પડ્યા હતા. આજે શહેરમાં દિવાળીના પર્વની જેમ જ ફટાકડા ફૂટયા હતા.

કારતક સુદ-૧૧ એટલે કે દેવ પ્રબોધિની એકાદશીએ શરૂ થયેલ તુલસી વિવાહ કાર્તિક પૂર્ણિમાએ સમાપન પામે છે જે પર્વ દેવ દિવાળીના નામે ઉજવાય છે. આજના દિવસે દેવો દિવાળી ઉજવે છે. પ્રાચીન માન્યતા મુજબ દેવ દિવાળીના દિવસે બધા દેવતાઓ ગંગાના ઘાટ પર આવીને દિપ પ્રગટાવીને પોતાની પ્રસન્નતા દર્શાવે છે. આથી આ દિવસે ગંગા સ્નાન કરીને દીપદાનનું ખુબ મહત્વ છે. આ દિવસે દીપદાન કરવાથી લાંબુ આયુષ્ય મળે છે. તેને ત્રિપુરારી પૂર્ણિમા પણ કહે છે. કારણ કે પ્રાચીન સમયમાં આ તિથિ પર શિવજીએ ત્રિપુરાસૂર નામના દૈત્યનો નાશ કર્યો હતો. આ ઉપરાંત એવી પણ માન્યતા છે કે આ દિવસે જ ભગવાન વિષ્ણુએ મત્સ્યાવતાર પણ લીધો હતો. ગાંધીનગરમાં પણ દેવ દિવાળીનું પર્વ દર વર્ષે શહેરીજનો હર્ષોલ્લાસથી ઉજવે છે. જોકે આ વર્ષે કોરોના મહામારીના કહેરને કારણે ઉજવણી થોડી માંડ જણાઈ હતી. જોકે શહેરીજનોએ આજે સાંજે પોતપોતાના ઘર, ઓટલા, કોટ, અગાશી, ગેલેરી કે બાલ્કની વગરેમાં દીપ પ્રાગટ્ય કર્યું હતું જેમાં કેટલાકે તો દીપની હારમાળા કરી હતી. આ સાથે શહેરીજનોએ દિવાળીની જેમ ફટાકડા ફોડીને દિવદિવાળીના ઉત્સવને ઉજવ્યો હતો.

શહેર-જિલ્લામાં ૫૪ નવા કેસ : ૫૭ ડિસ્ચાર્જ

ગાંધીનગર તાલુકામાં ૧૭, દહેગામમાં ૭, માણસામાં ૧, કલોલમાં ૫ કેસ, ગાંધીનગર શહેરમાં ૨૪ કેસ નોંધાયા : ગ્રામીણમાં ૩૨ અને શહેરમાં ૨૫ ને ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૫૪ કેસ નવા નોંધાયા છે. જેમાં ગ્રામ્યવિસ્તારના ૩૦ અને ગાંધીનગર શહેરના ૨૪ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં દિપાવલી પર્વ પછી સંક્રમણના કેસોમાં થયેલા વધારા બાદ હવે ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો હોય તેમ જણાઈ રહ્યુ છે. જિલ્લામાં મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરીમાં વધારો થવા પામ્યો છે.

મોટીવયના લોકો અને મહિલાઓની સંખ્યા સંક્રમિતોની યાદીમાં સતત વધી રહી છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૬ મહિલા દર્દી છે. ૧૫ જેટલા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં ૬ મહિલાઓ સંક્રમિતોની યાદીમાં સામેલ છે.

શહેર-જિલ્લામાં સતત ટેસ્ટીંગમાં વધારો કરવામાં આવી રહ્યો છે. એ.સિમોમેટીક કેસ વધુ મળી આવ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. હવે આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયાનું સરકારે જણાવ્યુ છે. શહેરમાં પણ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ થઈ રહ્યા હોવાથી જિલ્લાનો મૃત્યુદર પણ વધ્યો છે તે પણ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૩૦ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૭ કેસ, દહેગામમાં ૭ કેસ, માણસામાં ૧ કેસ અને કલોલમાં ૫ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાના કેસોની સંખ્યા તેમજ દહેગામમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં આધેડ વયના દર્દીઓ સૌથી વધુ કોરોનાથી સંક્રમિત થયા છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી નોંધાયેલા કોરોનાના કેસોમાં આધેડ વયના લોકો સહુથી વધુ સંક્રમિત થયા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાનો પ્રકોપ દરેક વય જૂથમાં જોવા મળી રહ્યો છે. શહેરમાં અત્યાર સુધીમાં ૨૬૦૦ થી વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. મળતી વિગતો પ્રમાણે ૦ થી ૧૦ વર્ષની વયજૂથમાં અત્યાર સુધીમાં ૨૫, ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથમાં ૭૫ દર્દી, ૨૧ થી ૩૦ વર્ષની વયજૂથમાં ૩૮૩ દર્દી, ૩૧ થી ૪૦ વર્ષના વય જૂથમાં ૪૯૦, ૪૧ થી ૫૦ વર્ષની વયજૂથમાં ૫૧૬ દર્દી નોંધાયા છે. ૫૧ થી ૬૦ વર્ષની વયજૂથના ૫૪૬ દર્દી, ૬૧ થી ૭૦ વર્ષની વયજૂથમાં ૩૯૨, ૭૧ થી ૮૦ વર્ષના વયજૂથમાં ૧૭૬ દર્દી તો ૮૦ કે તેથી વધુ વય ધરાવતા ૫૦ દર્દીઓ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં કોરોના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. શહેરમાં કોરોનાનો આ ત્રીજો તબક્કો ચાલી રહ્યો છે. કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાનું સત્તાવાળાઓ સત્તાવાર રીતે સ્વીકારતા નથી પરંતુ જે રીતે કેસો વધી રહ્યા છે તે ચિંતાજનક છે. શહેરમાં નોકરીયાત વર્ગ સૌથી વધુ સંક્રમિત થયો છે. જો કે ૬૧૮ જેટલા દર્દીઓ ૬૦ થી ઉપરની વયના પણ સંક્રમિત થયા છે. ૮૧૭ દર્દીઓ ૨૧ થી ૪૦ વર્ષની વયના સંક્રમિત થયા છે. જ્યારે ૧૦૬૨ દર્દીઓ ૪૧ થી ૬૦ વર્ષની વય ધરાવતા મળી આવ્યા છે.

ગાંધીનગર સમાચારના કટાર લેખક ભાવેશ પટ્ટણીનું કોરોનાથી નિધન

છેલ્લા ૧૫ દિવસથી ભાવેશ પટ્ટણી કોરોનાગ્રસ્ત હતા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સમાચારના છેલ્લા બે મહિનાથી દૈનિક રાશી ભવિષ્ય તથા નૂતન વર્ષનું વાર્ષિક રાશીફળના કટાર લેખક ભાવેશ પટ્ટણીનું આજે અમદાવાદ એસ.જી.વી.પી. હોસ્પિટલ ખાતે દુઃખદ નિધન થયું છે. છેલ્લા ૧૫ દિવસથી ભાવેશ પટ્ટણી કોરોનાગ્રસ્ત હતા અને તેઓ એસ.જી.વી.પી. હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યા હતા. આજે ૩.૫૫ તેમણે અંતિમ શ્વાસ લીધો હતો.

ભાવેશ પટ્ટણી ગુજરાતી રંગભૂમિ, ટેલીવીઝન અને ફિલ્મોના જાણીતા કલાકાર ઉપરાંત જ્યોતિષવિદ હતા. સદ્ગત બહોળુ મિત્રવૃંદ ધરાવતા હતા. માત્ર બે મહિનાના સમયગાળામાં ભાવેશ પટ્ટણીએ ગાંધીનગર સમાચારના માધ્યમથી ગાંધીનગરમાં પણ ચાહક વર્ગ ઉભો કર્યો હતો. ગાંધીનગર સમાચાર પરિવાર સ્વર્ગસ્થ ભાવેશ પટ્ટણીને ભાવપૂર્વક અંજલિ આપે છે.

પાંચ દિવસમમાં પારો પાંચ ડીગ્રી ઉંચકાયો દિવસે ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ

ઠંડી ગરમીના તાપમાનમાં બેવડો તફાવત : લઘુત્તમ તાપમાન ૧૮ અને મહત્તમ તાપમાન ૩૪ ડીગ્રીએ પહોંચ્યુ : બેવડી ઋતુના અહેસાસથી જન આરોગ્ય પ્રભાવિત

ગાંધીનગર તા ૩૦

શહેરમાં છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો સતત ગગડી રહ્યો છે. ગત સપ્તાહમાં સિઝનની મહત્તમ ઠંડીનો અહેસાસ કર્યા બાદ આજે નગરજનોએ દિવસ દરમિયાન ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ત્રણ ડીગ્રીના ઘટાડા સાથે ૧૮ ડીગ્રીએ અને મહત્તમ તાપમાન પણ ૩૪ ડીગ્રીએ પહોંચ્યુ હતુ. લઘુત્તમ અન મહત્તમ તાપમાનમાં બેવડો તફાવત જોવા મળ્યો હતો જેના લીધે શહેરીજનો પણ બેવડી ઋતુની અસરથી પ્રભાવિત થયા હતા.

ગાંધીનગરમાં ગત સપ્તાહ દરમિયાન આક્રમક બનતી ઠંડીમાં છેલ્લા બે દિવસથી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે ઠંડીનો પારો ૧૮ ડીગ્રીએ પહોંચી ગયો હતો જેના લીધે વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હોવાનો અહેસાસ નાગરિકોએ કર્યો હતો. દિવસનુ તાપમાન પણ ૩૪ ડીગ્રી એ પહોંચી ગયુ હતુ જેથી દિવસે પણ નગરજનોએ આકરો તાપ વેઠવાનો વારો આવ્યો હતો. ઠંડી અને ગરમીના તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળ્યો હતો. જેના લીધે દિવસ દરમિયાન પણ નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. છેલ્લા બે દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. ગત સપ્તાહ દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૩ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયુ હતુ જેના લીધે વાતાવરણમાં ઠંડીનુ પ્રમાણ વધ્યુ હતુ. ઠંડીનો પારો ૧૫ ડીગ્રી થી ૧૩ ડીગ્રી સુધી નીચે ઉતરી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. પરંતુ છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો ઉંધી દીશામાં આગળ વધતા ગરમીનુ પ્રમાણ અચાનક વધી ગયુ છે. જેના લીધે વહેલી સવારે અને રાત્રિના સમયે ગુલાબી ઠંડક અનુભવતા નગરજનો હાલ બેવડી ઋતુથી પ્રભાવિત છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ૩ ડીગ્રી ઉંચુ આવતા ન્યુન્નતમ તાપમાન ૧૮ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે મહત્તમ તાપમાન પણ આજે બે ડીગ્રીના વધારા સાથે ૩૪ ડીગ્રી રહેતા દિવસ દરમિયાન નગરજનોએ ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કર્યો હતો. મોડી સાંજે પણ વાતાવરણમાં ઠંડક ન અનુભવાતા રાત્રિ દરમિયાન પણ ઘરોમાં પંખા ચાલુ થઈ ગયા હતા. કોરોનાના વધતા કહેર વચ્ચે મોસમનો મિજાજ પણ સતત બદલાયા કરે છે. ઠંડીની મોસમ શરૂ જ થઈ હતી ત્યાં અચાનક જ ગરમીનો પારો ઉંચકાતા નગરજનો મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત છે. જેના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે.

ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાના કારણે ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે. ગાંધીનગર, અમદાવાદ રાજકોટ, સુરત, વડોદરામાં ઠંડીનો પારો વધુ ગગડી શકે છે. આ સાથે ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી અને હિમવર્ષા વચ્ચે દક્ષિણ ભારતમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે કેરળમાં ઓરેંજ એલર્ટ જાહેર કર્યું છે. તો તામિલનાડુ, કેરળ સહિતના રાજ્યોમાં લોકોને સાવચેત રહેવાની સૂચના આપવામાં આવી છે.

અત્યાર સુધીમાં કયા સેક્ટરમાં કુલ કેટલા કેસ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો સૌથી વધુ સે. ૨ માં અને ૩ માં નોંધાયા છે.

સેક્ટર	કેસ	સેક્ટર	કેસ
સે. ૧	૪૭	સે. ૨૧	૭૯
સે. ૨	૧૮૬	સે. ૨૨	૧૧૦
સે. ૩	૧૮૨	સે. ૨૩	૭૫
સે. ૩-એ-ન્યુ	૩૯	સે. ૨૪	૧૩૮
સે. ૪	૧૫૭	સે. ૨૫	૬૯
સે. ૫	૧૫૦	સે. ૨૬	૧૩૮
સે. ૬	૮૯	સે. ૨૭	૯૨
સે. ૭	૧૬૬	સે. ૨૮	૮૪
સે. ૮	૫૭	સે. ૨૯	૧૦૧
સે. ૯	૦૫	સે. ૩૦	૭૩
સે. ૧૧	૦૧	આદિવાડા	૦૪
સે. ૧૨	૪૪	બોરીજ	૧૭
સે. ૧૩	૧૧૫	ઈન્દ્રોડા	૦૭
સે. ૧૪	૫૭	પાલજ	૧૭
સે. ૧૫	૧૨	બાસણ	૦૩
સે. ૧૬	૧૭	જીઈબી	૧૦૦
સે. ૧૭	૨૯	ધોળાકુવા	૧૦
સે. ૧૯	૫૭	ગોકુલપુરા-ફતેપુરા	૦૩
સે. ૨૦	૪૬	ઈન્ફોસીટી	૧૩

જીઈબી કોલોનીમાં કેસો પાછળ હવાનું પ્રદૂષણ જવાબદાર ખરૂ - લોકજીભે ચર્ચા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ જીઈબી કોલોનીમાં ૧૦૦ જેટલા કેસ નોંધાયા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જીઈબી કોલોનીમાં સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્ક ફરજીયાત પહેરવામાં આવે તેમજ સતત સેનીટાઈઝરથી હાથ ધોવાય તે માટે મનપાના તંત્રએ બે વખત પત્રો લખ્યા છે. જો કે પરિસ્થિતિ હજુ નિયંત્રણમાં આવી નથી.

આ વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા વધી હોવા પાછળ હવાનું પ્રદૂષણ પણ જવાબદાર હોવાની વાતો લોકજીભે થવા લાગી છે. ચીમનીઓનો ધુમાડો, બાજુમાં સ્મશાન ગૃહ અને નદીની કોતરોમાં આવેલી મનપાની લેન્ડફિલ્ડ સાઈટને કારણે સૌથી વધુ પ્રદૂષણ જોવા મળી રહ્યુ છે.

લોકજીભે તો એવી પણ ચર્ચા જાગી છે કે શહેરમાં સૌથી પહેલો કેસ જે નોંધાયેલો તે સે. ૨૯ માં પણ કેસની સંખ્યા ૧૦૦ ના આંકને વટાવી ગયેલ છે. ૨૮ અને ૩૦ માં પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેની પાછળ હવાનું પ્રદૂષણ જ વધારે જોવા મળી રહ્યુ છે.

ગાંધીનગર શહેર તેની ગ્રીનસીટીની ઓળખ ગુમાવી દીધા બાદ સૌથી મોટી મહામારીનો સામનો શહેર કરી રહેલ છે. તેમાં હવાનુ પ્રદૂષણ પણ જવાબદાર હોવાનું લોકજીભે ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com